પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૯ | ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૧, રવિવાર; ભાદરવા સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પંજાબના મુખ્યમંત્રીપદેથી અમરિંદરસિંહનું રાજીનામું

## ભાજપે કેટલાક રાજ્યોના મુખ્યમંત્રી બદલ્યા બાદ કોંગ્રેસ એક્શન મોડમાં : પંજાબમાં નેતૃત્વ બદલાય તો સુનીલ જાખર નવા મુખ્યમંત્રી બની શકે છે, પક્ષના સાહસિક નિર્ણયથી કાર્યકરો ઉત્સાહમાં, અકાલીઓને ફટકો



નવી દિલ્હી , તા.૧૮

પંજાબના સીએમ અમરિંદર સિંહના રાજીનામા અંગેની અટકળોએ જોર પકડ્યું હતું. ત્યારે રાજ્યપાલને મળ્યા બાદ કેપ્ટન અમરિંદર સિંહે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. મુખ્યમંત્રી અમરિંદર સિંહને હાઈકમાન્ડ દ્વારા રાજીનામું આપવા માટે કહેવામાં આવ્યું હતું. આ સંદર્ભે કેપ્ટને આજે સોનિયા ગાંધી સાથે ફોન પર વાત કરી હતી. આ ચર્ચા દરમિયાન તેમણે કહ્યું કે તેઓ અપમાન સહન નહીં કરે. તે જ સમયે, અન્ય મોટા સમાચાર એ છે કે જો પંજાબમાં નેતૃત્વ બદલાય તો સુનીલ જાખર નવા મુખ્યમંત્રી બની શકે છે. આજે સુનીલ જાખરે એક ટ્વીટ કર્યું. જેમાં તેમણે લખ્યું હતું કે, 'પંજાબ કોંગ્રેસના વિવાદને ઉકેલવા માટે રાહુલ ગાંધીએ લીધેલા સાહસિક નિર્ણયથી કોંગ્રેસના કાર્યકરો ઉત્સાહિત છે. આ સાથે અકાલીઓ હચમચી ગયા છે.

મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહએ સવારથી ચાલી રહેલી હલચલ વચ્ચે રાજ્યસભાના સાંસદ પ્રતાપ બાજવા, લોકસભા સાંસદ ગુરજીત ઔજલા, જસબીર ડિમ્પા, ધારાસભ્ય રાણા

● અનુસંધાન પાન-૭ પર

# સાંસદ બાબુલ સુપ્રિયો તૃણમુલ કોંગ્રેસમાં જોડાયા

## કેબિનેટમાંથી પડતા મૂકાયા બાદ ભાજપથી નારાજ હતા : મને ગર્વ છે કે મેં મારો નિર્ણય બદલ્યો, મને બંગાળની સેવા કરવાની તક મળી, હું ઘણો જ ઉત્સાહિત છુ: સુપ્રિયો

નવી દિલ્હી, તા.૧૮

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને અસાનસોલના સાંસદ બાબુલ સુપ્રિયો શનિવારે તૃણમુલ કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેબિનેટમાં ફેરબદલ કર્યો હતો અને તે વખતે પશ્ચિમ બંગાળના આ નેતાને કેબિનેટમાંથી પડતા મૂકાયા હતા. જેના કારણે જુલાઈમાં સુપ્રિયોએ રાજકારણને અલવિદા કહી દીધું હતું.

ભાજપની ટોચની નેતાગીરી દ્વારા તેમને લોકસભાના સભ્ય પદેથી રાજીનામું ન

● અનુસંધાન પાન-૭ પર



# શિવસેના-ભાજપ ગઠબંધન સરકારના સંકેત

## ઉદ્ધવના એક નિવેદનથી અટકળો તેજ : ઠાકરેએ ભાજપના સાંસદો અને કેન્દ્રીયમંત્રી રાવસાહેબ અને ભાગવતને પોતાના ભવિષ્યના સાથી ગણાવ્યા

મુંબઈ,તા.૧૮

શું શિવસેના અને ભાજપ મહારાષ્ટ્રમાં ફરી એક થઈ શકે છે? સીએમ ઉદ્ધવ ઠાકરેએ હાલમાં જ આપેલા એક નિવેદનથી આ પ્રકારની અટકળો ફરી તેજ બની છે. ઠાકરેએ હાલમાં જ કેન્દ્રિય મંત્રી રાવસાહેબ દાણવે અને ભાગવત કરાડને ભવિષ્યના સંભવિત સાથી ગણાવ્યા હતા. આ બંને નેતા મહારાષ્ટ્રથી ભાજપના સાંસદ છે. ઠાકરેના આ નિવેદનથી રાજકીય પંડિતો એ વાતને લઈને મૂંઝવણમાં છે કે ઠાકરેએ આ નિવેદન મજાકમાં આપ્યું છે કે આવનારા સમયમાં આકાર લેનારી એક રાજકીય શક્યતાનો અંદેશો વ્યક્ત કર્યો છે? બીજી તરફ, મહારાષ્ટ્રના પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસે શિવસેના સાથેના જોડાણની અટકળોને ફગાવી દીધી છે. ઔરંગાબાદમાં એક કાર્યક્રમમાં બોલતા ઠાકરેએ જણાવ્યું હતું કે, મંચ પર બિરાજમાન મારા ભૂતપૂર્વ, હાલના અને જો અમે સાથે આવ્યા તો ભવિષ્યના સાથીઓ દાણવે હાલ કેન્દ્ર સરકારમાં રાજ્યકક્ષાના રેલવે મંત્રી છે, અને જાલનાના સાંસદ છે. જ્યારે કરાડ નાણાં રાજ્યમંત્રી છે. ઠાકરેએ પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે, મને

● અનુસંધાન પાન-૭ પર

ભાડે/વેચાણ આપવાની છે
ક્લાસીસ/ઓફીસ, શોરૂમ લાયક જગ્યા
૧૫૩૦ ચો. ફૂટ
પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર
સંપર્ક 98240 65056


મો. ૯૮૯૮૧૯૧૪૮૪
બોબી વેજીટેબલ
ફ્રેશ શાકભાજી/ફળોના
હોલસેલ વહેપારી

હોટલ/રેસ્ટોરન્ટના સ્પેશ્યાલીસ્ટ
લગ્ન પ્રસંગે વ્યાજબી ભાવે ઓર્ડર લેવામાં આવશે.
દુકાન નં. ૮, શાકમાર્કેટ, સેક્ટર-૨૧, ગાંધીનગર
૫૦૦ રૂપિયાથી વધુ ખરીદી પર હોમ ડીલીવરી ફ્રી



ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ

તામારા સારા કર્મોની સુવાસ હંમેશા રહેશે, મીઠી વાણી હંમેશા યાદગાર રહેશે,
સ્નેહ ભીના સંસ્મરણો સદા સાથ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયું પણ
આ વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાંથી આપની વિદાય કદી નહિં વિસરાય.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

મનિષ વિક્રમભાઈ પટેલ

જય શ્રી સ્વામિનારાયણ

અ.નિ. કેશવલાલ નારણભાઈ પટેલ
નાથીબેન કેશવલાલ પટેલ

વિક્રમભાઈ પટેલ
ચેરમેન, ગાંધીનગર નાગરિક કો.ઓ.બેન્ક લી.
શારદાબેન વિ. પટેલ

રમેશકુમાર પટેલ
લીલાબેન આર. પટેલ

વિલાસ મનિષ પટેલ
પલ મનિષ પટેલ

ધવલ આર. પટેલ
ઉર્વી ધવલ પટેલ

કેતુલ વિ. પટેલ (ભોલો)
પુનમ કેતુલ પટેલ

ઋષભ આર. પટેલ (લાલી)
ઉપાધ્યક્ષ, કિસાન મોરચો, ગાંધીનગર મહાનગર
ભારતીય જનતા પાર્ટી
નિશા ઋષભ પટેલ

ચિરાગકુમાર આર. પટેલ
રીના ચિરાગકુમાર પટેલ

રિક્ષીતકુમાર કે. પટેલ
રીમા રિક્ષીતતુમાર પટેલ

જીયા - ધાર્વી - રુહી - ક્રિશા - રાહી - મિષ્ટી

રક્તદાન કેમ્પ

તારીખ : ૧૯-૯-૨૦૨૧ ને રવિવાર
સમય : સવારે ૯ થી ૧
સ્થળ : બ્લેક પીપર બેન્ક્વેટ, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧.